# ક-૩ વાવોલ ઉવારસદ રેલવે ફાટક પર ઓવરબ્રિજ બનશે

## બ્રિજ નિર્માણ માટે ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરાશે : અંદાજિત ૫૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ

ગાંધીનગર તા ૧૮

ક- ૩ વાવોલ ઉવારસદ માર્ગ પર રેલવે ઓવરબ્રિજનુ નિર્માણ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ આ માર્ગ ફોરલેન છે. જયારે ફાટક પાસે આ રસ્તો ૧૦ મીટર અલબત્ત નાનો થઈ જાય છે. ફાટકને અનુલક્ષીને ફોરલેન બ્રિજ બનાવાશે. જયારે આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત રૂ ૫૫ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરના રસ્તાઓનુ સમયાંતરે કામ હાથ ધરવામાં આવે છે. માર્ગ સુધારણા સહીત રીસરફેસીંગના કામો હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે જિલ્લાના વિવિધ રસ્તાઓને અપગ્રેડ કરવા માટે પણ તબક્કારવા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બીજીતરફ શહેર નજીકથી પસાર થતી રેલવે લાઇનને અનુલક્ષી નિર્માણ કરાયેલા રેલવે ફાટક વિસ્તારમાં પણ સાંકડા હોવાના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ટ્રાફિકની અવરજવર પણ મુશ્કેલ બને છે. જેના લીધે રેલવે ફાટક વિસ્તારમાં માર્ગ સલામતી જોખમાઇ છે.

આવા સંજોગોમાં અનેકવાર આ ઠેકાણે ઓવરબ્રિજનુ નિર્માણ કરવા પણ માંગ ઉઠવા પામી હતી. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા આ પ્રોજેક્ટ સંદર્ભે યોગ્ય આયોજન કરવા માટે કન્સલટન્સીને ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવા માટે પણ કામગીરી સોંપી દેવામાં આવી છે. જયારે આ કામગીરી અન્વયે ૫૦ ટકા ખર્ચ રેલવે વિભાગ અને બાકીના ખર્ચની રકમ માર્ગ મકાન વિભાગ દ્વારા ફાળવવામાં આવશે. ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી દેવાયા બાદ આગળ મંજુરી માટેની જરૂરી પ્રક્રીયા હાથ ધરાશે.

શહેર નજીકના વિસ્તારમાંથી પસાર થતી રેલવે ક્રોસિંગ લાઇનનો અનુલક્ષી અનેકવાર અગાઉ ખુલ્લા ફાટકો બંધ કરવા માટે પણ માંગ ઉઠવા પામી હતી. જયારે આ વિસ્તારમાં ઓવરબ્રિજ તૈયાર કરવા માટે પણ લાંબા સમયથી વિચારણા ચાલી રહી છે. આગામી દિવસોમાં આ અન્વયે કાર્યયોજના આખરી કરી દેવાશે. રેલવે ઓવરબ્રિજનુ કામ હાથ ધરાશે.



પ્રકૃતિ તરફ માનવીનું ખેંચાણ હંમેશા રહ્યુ છે. આપણને અને સમગ્ર પૃથ્વીને સ્વસ્થ રાખતી પ્રકૃતિ આપણા નૈસર્ગિક આકર્ષણને વધુ મજબૂત બનાવે છે. લીલાછમ વૃક્ષો, રંગબેરંગી પુષ્પો અને વન્ય જીવજંતુઓ આપણામાં એક એવી ઉર્જા ભરી દે છે. આજકાલ ચારેબાજુ કોક્રીંટના જંગલો ઉભા થઈ ગયા છે. જેના કારણે મનુષ્યો સ્ટ્રેસ અનુભવે છે. ભાગદોડવાળા શહેરી જીવનથી કંટાળીને કેટલાક લોકો રજાઓ લઈ જંગલોમાં જઈ પ્રકૃતિનુ સાંનિધ્ય માણે છે. ખળખળ વહેતા ઝરણાઓના મંદ સ્વરોમાં પક્ષીઓનો અવાજ ભળે ત્યારે આપણે જે આનંદ અનુભવીએ છીએ તે અવિસ્મરણીય હોય છે. મેગા સીટીમાં રહેતા શ્રીમંત લોકો પૈસા ખર્ચીને જે આનંદ માણે છે તે આનંદ તે સુખ. ગાંધીનગરાઓને તો વિનામૂલ્યે મળે છે. વિકાસ થયો હોવા છતાં ગ્રીનસીટી ગાંધીનગરે તેનુ હાર્દ જાળવ્યુ છે તેનો પુરોવા આ રંગબેરંગી અને સુગંધીદાર પુષ્પો આપી રહ્યાં છે. સર્કિટહાઉસ નજીકનુ સર્કલ હાલમાં સુંદર ફૂલોના કારણે રીતસર દીપી ઉઠ્યું છે.

# આજે પોલિયો રવિવાર

## જિલ્લાના સવા બે લાખથી વધુ બાળકોને આ અભિયાનમાં આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારના એક લાખ નેવુ હજાર અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૮ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. આ માટે આખા તંત્રની ટીમો ગામેગામ અને ઘરે ઘરે ફરી બાળકોને આ રસી પીવડાવશે. આ અભિયાન બે તબક્કે યોજવામાં આવે છે. જેમાં પ્રથમ રાઉન્ડ જાન્યુઆરીમાં અને બીજો રાઉન્ડ માર્ચ કે એપ્રિલમાં યોજવામાં આવશે.

રવિવારના સઘન અભિયાનમાં રહી ગયેલા ...

## રાજ્યમાં ૮૦ લાખ ભુલકાને પોલિયો ટીપા પીવડાવાશે

પલ્સ પોલિયો અભિયાનનો વધુ એક દોર આવતીકાલે હાથ ધરવામાં આવનાર છે. જેના ભાગરૂપે પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસી આપવામાં આવનાર છે. સમગ્ર રાજ્યમાં ૦ થી ૫ વર્ષ સુધીના અંદાજે ૮૦ લાખથી વધુ ભુલકાંઓને પોલિયોના બે ટીપા પીવડાવી 'પોલિયો મુક્ત ભારત, પોલિયોમુક્ત ગુજરાત'નો ધ્યેય પાર પાડવા રાજ્યભરમાં ૩૩૬૪૧ બુથ મારફતે ૧ લાખ ૫૨ હજાર આરોગ્ય કર્મીઓ સેવારત રહેશે.

જિલ્લામાં મનપા વિસ્તાર સહિત ૯૪૦ થી વધુ ખાસ બુથ ઉભા કરવામાં આવ્યા છે અને ૪ હજારથી વધુ કર્મયોગીઓ આ કામગીરીમાં જોડાશે. આ અભિયાનમાં ૦ થી ૫ વર્ષની આયુના બાળકોને આવરી લેવામાં આવતા હોય છે. પલ્સ પોલિયો અભિયાન માટે ૯૦ થી વધુ હાઈરિસ્ક ઝોન આયડિન્ટીફાય થયા છે અને તેના પર તંત્રએ ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે જેથી કોઈ બાળક રહી ના જાય. રવિવારે સઘન અભિયાનમાં રહી ગયેલા બાળકોને સોમવારે અને મંગળવારે અભિયાન માટે જિલ્લામાં ચારેય તાલુકા માટે લાયઝન ઓફિસરોની પણ નિયુક્તી કરવામાં આવી છે.

જિલ્લાતંત્રએ ૧૨૧ મોબાઈલ ટીમ બનાવી છે. તેમજ ૭ ટ્રાન્ઝીટ પોઈંટ પણ ઉભા કર્યા છે જયાંથી લોકો સતત મોટી સંખ્યામાં અવર-જવર કરતા હોય છે. ગ્રામીણ વિસ્તારમાં બુથ કવરેજ સારૂ મળતુ હોય છે જયારે શહેરી વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારની તુલનામાં થોડુક ઓછુ કવરેજ મળતુ હોય છે. આ વખતે વધુ ને વધુ બુથ કવરેજ મળે તે માટે તંત્રએ પણ પુરતી કાળજી લીધી છે.

# વાસણ ગામે સેવાસેતુ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના વાસણા ગામે આજે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં સૌથી વધુ બાળકોના આધારકાર્ડ કાઢવાની કામગીરી નોંધાઈ હતી.

વાસણ ગામે આજે યોજાયેલ સેવાસેતુમાં રેશનકાર્ડમાં સુધારા, ૭-૧૨ની નકલ તેમજ આવકના પ્રમાણપત્રો મેળવવા માટેની અરજીઓનો પણ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

તાલુકાનું આ પ્રથમ ગામ છે જ્યાં તમામ પાત્રતા ધરાવતા પરિવારોને 'મા' કાર્ડ મળી ગયા છે.

સેવાસેતુના કાર્યક્રમને ગ્રામીણ વિસ્તારમાં ઉત્સાહજનક પ્રતિભાવ મળે છે. સરકારી યોજનાઓની માહિતી અને આધારકાર્ડ કે આયુષ્યમાન કાર્ડ જેવા કાર્ડ માટે સરળતાથી ઉપલબ્ધ થતી સેવાઓ ઉપકારક નિવડે છે.

# વિજય રૂપાણી સહિત ભાજપના આગેવાનો દિલ્હી જવા રવાના

## દિલ્હીમાં ૨૦મીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની નિમણૂક પ્રક્રિયામાં ભાગ લેશે : દિલ્હી ચૂંટણીને લઈને આજે મિંટિગ : વિધાનસભા ચૂંટણી પ્રચાર તથા અન્ય કાર્યક્રમ

અમદાવાદ,તા.૧૮

ભારતીય જનતા પાર્ટીના નવા પ્રમુખની વરણી પ્રક્રિયાને લઈને ભારે ઉત્સુક્તા પ્રવતી રહી છે. આના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ ભાગ લેવા દિલ્હી પહોંચી રહ્યા છે. આ ઉપરાંત દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે પ્રચારની પ્રક્રિયામાં પણ તમામ નેતાઓ ભાગ લેનાર છે. આ સંદર્ભમાં આજે માહિતી આપવામાં આવી હતી.ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, આગામી દિલ્હી વિધાનસભાની ચૂંટણીના સંદર્ભમાં દર વખતની જેમ આ વખતે પણ ગુજરાત ભાજપાના આગેવાનો તથા કાર્યકરો દિલ્હી ખાતે ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી વ્યવસ્થાઓના કાર્ય માટે દિલ્હી જવાના છે. આવતીકાલે સાંજે તા. ૧૯ના રોજ દિલ્હી ખાતે વિધાનસભા ચૂંટણી સંદર્ભે ભાજપાની એક બેઠક મળવાની છે, જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા, પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપપ્રમુખ જશવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી શંકર ચૌધરી તથા સાંસદ સી. આર. પાટીલ અને પૂનમબેન માડમ આવતીકાલે દિલ્હી ખાતે યોજાનાર ભાજપાની વિધાનસભા ચૂંટણી પ્રચાર કાર્ય તથા વ્યવસ્થા અંગેની બેઠકમાં ઉપસ્થિત રહેશે. તારીખ ૨૦ જાન્યુઆરી સવારે ૧૦ કલાકે દિલ્હી ખાતે યોજાનાર ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષની વરણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગુજરાત ભાજપા કોર ગ્રુપની ટીમ દિલ્હી ખાતે ઉપસ્થિત રહેશે. જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા, કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આરસી ફળદુ, પ્રદેશ ભાજપા અગ્રણી સુરેન્દ્ર કાકા, પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવ ભટ્ટ તથા પૂર્વ મંત્રી શંકર ચૌધરી ઉપસ્થિત રહેશે.

## આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂલકાંઓને પોલીયો ટીપાં પીવડાવી રાજયવ્યાપી પ્રારંભ કરાવશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ તા ૧૯મી જાન્યુઆરી રવિવારે પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન રાઉન્ડ અંતર્ગત ગાંધીનગરમાં ભુલકાંઓને પોલિયો રસીના બે ટીપા પીવડાવી આ રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ કરાવશે. સમગ્ર રાજ્યમાં ૦ થી ૫ વર્ષ સુધીના અંદાજે ૮૦ લાખથી વધુ ભુલકાંઓને પોલિયોના બે ટીપા પીવડાવી 'પોલિયો મુક્ત ભારત, પોલિયોમુક્ત ગુજરાત'નો ધ્યેય પાર પાડવા રાજ્યભરમાં ૩૩૬૪૧ બુથ મારફતે ૧ લાખ ૫૨ હજાર આરોગ્ય કર્મીઓ સેવારત રહેશે. મુખ્યમંત્રી આવતીકાલે ગાંધીનગર મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટર ખાતે સવારે ૮.૩૦ કલાકે આ અભિયાનની શરૂઆત કરાવવાના છે.

# રાજદ્રોહ કેસમાં હાર્દિક પટેલની ધરપકડ

અમદાવાદ, તા. ૧૮

પાટીદાર અનામત આંદોલન મામલે કોંગ્રેસી નેતા હાર્દિક પટેલની મુશ્કેલી ફરીએકવાર વધી ગઈ છે. રાજદ્રોહ કેસમાં સાયબર ક્રાઈમ બ્રાંચની ટીમે હાર્દિક પટેલની ધરપકડ કરી લીધી છે. વારંવાર કોર્ટ તરફથી સુચના આપવામાં આવી હોવા છતાં કોર્ટમાં ઉપસ્થિત

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતી વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે ગંભીર : ગાંધીનગર સાથે કાંઈક અલગ ફીલીંગ્સ આપે છે : પ્રકૃતિ નોટીયાલ

## ગાંધીનગરના કડી કેમ્પસની વિદ્યાર્થીની પ્રકૃતિ નાટીયાલ બોલીવુડમાં ગ્રામિણ મહીલાનો રોલ કરવાની ખેવના : અનેક સિરીયલો અને ટીવી-શો બાદ આગામી ફિલ્મ બબલુ બેચલરમાં બ્રાઇડનો નાનો રોલ મળ્યો છે : સે-૧ તળાવ નજીક પ્રેસિડન્ટ લોન્જનો નઝારો માણવા લાયક

ગાંધીનગર તા ૧૮

જાણીતી અભિનેત્રી પ્રકૃતિ નાટયાલ આજે ગાંધીનગરની મહેમાન બની હતી.સે-૧ તળાવ નજીક સ્થિત પ્રેસિડન્ટ લોન્જ રેસ્ટોરન્ટની મુલાકાતથી પ્રભાવતિ થઈ હતી પ્રકૃતિએ ગાંધીનગરના કડી કેમ્પસની એમ બી પટેલ શાળામાં શિક્ષણ મેળવ્યુ છે અત્યાર સુધી સ્ટાર પ્લસ પર આવતી નામકરણ, દિવ્યદ્રષ્ટી અને સાવધાન ઈન્ડીયા સહીતની સીરીયલમાં કામ કર્યુ છે. જયારે આગામી દિવસોમાં શરમણ જોષીની બબલુ બેચલર ફિલ્મમાં બ્રાઈડનો રોલ પણ નિભાવશે .પ્રકૃતિને ગાંધીનગરના નાગરિકો ખુબ જ પસંદ છે.ગુજરાતી ન હોવા છતા ગ્રીનસીટી પોતાનાપણાંનુ ફીલીંગ્સ આપે છે. નગરજનો દરેકના સ્વાગત માટે ઉત્સુક રહે છે.

ગાંધીનગરના કડી કેમ્પસની



એમ બી પટેલ શાળામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરીને હાલ અભિનય ક્ષેત્રે ડગ માંડતી પ્રકૃતિ નોટીયાલને બોલીવુડની ફીલ્મમાં ગ્રામિણ મહીલાનો રોલ કરવાની ખેવના છે. અત્યાર સુધી આ ઉભરતી કલાકારે સ્ટાર પલ્સ સહીત વિવિધ ચેનલો પર આવતી સિરીયલ સાવધાન ઈન્ડીયા, નામકરણ, દિવ્ય દ્રષ્ટી ફીયર ફાઈલ્સ બોલીવુડ એકટર વિક્રાંત મેસી તેને ખુબજ પસંદ છે. પ્રકૃતિના માતા અનિતો નોટીયાલ શહેરની સ્કુલ ઓફ એકસલન્સમાં અગાઉ આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા. મુળ ઉતરાખંડના વતની પ્રકૃતિએ ગુજરાતમાં જામનગર , નડીયાદ, ભરૂચ, અમદાવાદ ,રાજકોટ અને ગાંધીનગર સહીતના શહેરોમાં શિક્ષણ મેળવ્યુ છે. જયારે વર્ષ ૨૦૧૦ -૧૨ દરમિયાન ગાંધીનગરના વાવોલ અને પેથાપુર ગામમાં રહીને કડી કેમ્પસની શાળામાં અભ્યાસ કર્યો છે.પ્રકૃતિના મતે ગુજરાતીઓ શિક્ષણને ગંભીરતાથી લે છે જયારે બુધ્ધિશાળી હોવાના લીધે દરેક

● અનુસંધાન પાન-૭ પર

**વિસનગરા નાગર બેસણું**



અમારા આત્મીય સ્વજન શ્રી સ્વ. મુકુંદરાય મૂળશંકર રાવલનું તા. ૧૧-૧-૨૦૨૦ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૦-૧-૨૦૨૦ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્રહ્મભવન, સે.- ૧૬ રંગમંચની સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર

જીતેન્દ્રરાય એમ. રાવલ (પુત્ર) સુરેશરાય એમ. રાવલ (પુત્ર)
ડૉ. મહેશરાય એમ. રાવલ (પુત્ર) લી. પ્રવીણાબેન યુ. પંડયા (પુત્રી)

ફર્મ : રાવલ કિરાણા સ્ટોર્સ (સે.૨૧)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
મો. ૯૮૭૯૮ ૩૧૧૪૧, ૯૮૨૫૫ ૨૬૨૭૦

**બેસણું**



અમારા નાનાભાઈ

અમરતલાલ ઘાસીરામજી સોની

નું તા.૧૭-૦૧-૨૦૨૦ ને શુક્રવારે દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૦-૦૧-૨૦૨૦ ને સોમવારના રોજ સવારે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૧૩/૧૪, શક્તિનગર સોસાયટી, પેથાપુર, તા.જી.ગાંધીનગર

પન્નાલાલજી ઘાસીરામજી સોની | વિનોદકુમાર અમરતલાલ સોની (પુત્ર)
મદનલાલજી ઘાસીરામજી સોની | ઉત્તમ અમરતલાલ સોની (પુત્ર)
રતનલાલજી ઘાસીરામજી સોની | કિસન / દેવાંશ (પૌત્ર)

ફર્મ : સોની અમરતલાલ ઘાસીરામ, પેથાપુર, આશા જ્વેલર્સ, ઘ-૫, સેક્ટર-૨૨, ગાંધીનગર. મો.૯૪૨૭૪ ૯૦૪૮૦, ૯૭૨૭૯ ૬૧૪૭૩

GUJARAT'S No.1 FIBRE TO HOME NETWORK
GTPL FIBRE BROADBAND
WE ARE HERE
SACH MEIN UNLIMITED
40Mbps ₹388*/Month
LIMITED OFFER
WORTH Rs. 2500/-
60 Mbps @ 423/ Month
Missed Call Now 97124 41394

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા**
મુખ્ય કચેરી, સરદાર ભવન, હાઈવે, ડીસા
ફોન : ૨૨૦૦૭૨, ૨૨૩૦૬૭

**સીટી બસની જાહેર હરાજી**

બજાર સમિતિ, ડીસાની માલીકીની આઈસર કંપનીની સીટી બસ નંબર જી.જે.૦૮-વાય-૦૮૧૬ મોડલ ઓક્ટોબર-૨૦૧૩ (૧૦.૭૫ ઈ.બસ.એચ.બી.) ટીપટોપ કંડીશનમાં ચાલુ હાલતમાં વેચવાની છે. જેની જાહેર હરાજી તા. ૨૪/૦૧/૨૦૨૦ ને શુક્રવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ રાખેલ છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમો/શૈક્ષણિક સંસ્થાઓએ ડીપોઝીટના રૂા. ૧૦,૦૦૦/- (દશ હજાર પુરા) બજાર સમિતિ, ડીસાની મુખ્ય કચેરીએ તા. ૨૪/૦૧/૨૦૨૦ સુધીમાં હરાજી શરૂ થાય તે પહેલાં જમા કરાવવાના રહેશે. હરાજીની શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. હરાજી અંગેના સઘળા હક્ક બજાર સમિત, ડીસા ને અબાધિત રહેશે.

અમૃતલાલ એન. જોષી (સેક્રેટરી) કરશનભાઈ એસ. પટેલ (વાઈસ ચેરમેન) માવજીભાઈ એમ. દેસાઈ (ચેરમેન)
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | Kisan | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com